મેયરના વોર્ડમાં જ વોટર્સ તરસ્યા : છેલ્લા બે દિવસથી કોરો ધાકોર નળ અને ઉભરાતી ગટરોથી આક્રોશ : ટેન્કર રાજ સામે સ્થાનિકોએ આકરા પ્રહાર કરી કાયમી ઉકેલ માંગ્યો

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સિવિક ઈશ્યૂ
વડોદરાને કનડતાં પ્રાણપ્રશ્નોને વાચા

વોર્ડ-૧૩માં પીવાના પાણીના ધાંધિયા, કાઉન્સિલરનો ઘેરાવો

કંસારાવાડી અને માળી મહોલ્લાના રહીશોનો ભાજપ કાઉન્સિલર શૈલેન્દ્રસિંહને ઘેરાવો

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૩માં સમાવિષ્ટ કંસારાવાડી, માળી મહોલ્લા સહિતના આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહી ગયેલા અને કંટાળેલા સ્થાનિક રહીશોએ આજે ભારે રોષ સાથે સ્થાનિક ભાજપના કાઉન્સિલર શૈલેન્દ્રસિંહ ઠાકોરના નિવાસસ્થાને પહોંચીને વિરોધ પ્રદર્શન કર્યું હતું અને ભારે હોબાળો મચાવ્યો હતો. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા બે દિવસથી વિસ્તારમાં પાણીનું એક પણ ટીપું આવ્યું નથી. પીવાના પાણીના અભાવે ઘરવપરાશ અને દૈનિક કાર્યમાં મોટો વિઘ્ન ઊભો થયો છે. વિસ્તારના રહેવાસીઓએ આક્ષેપ કર્યો હતો કે, "દરેક ઘરમાં પૂરતા પ્રમાણમાં પાણી સંગ્રહ કરવાની વ્યવસ્થા હોતી નથી. કંસારાવાડી અને માળી મહોલ્લા સહિત આશરે પાંચ જેટલા મહોલ્લામાં છેલ્લા કેટલાય સમયથી પીવાના પાણીની તંગી અને ઓછા પ્રેશરની સમસ્યા ચાલુ છે." પીવાના પાણીની તંગી ઉપરાંત વિસ્તારમાં ગટર ઉભરાવાની પણ ગંભીર સમસ્યા પ્રવર્તી રહી છે. ઉભરાતી ગટરોના ગંદા અને દુર્ગંધયુક્ત પાણી શેરીઓમાં ફરી વળતા ગંદકીનું સામ્રાજ્ય સ્થપાયું છે. સ્થાનિકોએ ચિંતા વ્યક્ત કરી હતી કે ગંદકીના કારણે નાના બાળકોના આરોગ્ય સામે મોટો જોખમ ઊભો થયો છે અને રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક મહિલાઓ અને રહીશોએ પોતાનો રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, "ચૂંટણી નજીક આવે ત્યારે જ નેતાઓ મતો માંગવા જનતા વચ્ચે આવે છે અને મોટા વાયદા કરે છે. પરંતુ ચૂંટણી પૂરી થયા બાદ પ્રજાની મૂળભૂત સમસ્યાઓનો ઉકેલ લાવવા કોઈ આગળ આવતું નથી. જ્યારે પણ રજૂઆત કરવામાં આવે ત્યારે માત્ર આશ્વાસન આપીને ટેન્કર મોકલવાની વાત કરવામાં આવે છે. પરંતુ ટેન્કરથી પાણી વિતરણ કરવામાં આવે ત્યારે પણ પાણી ભરવા માટે લોકો વચ્ચે બોલાચાલી અને ઝઘડાની સ્થિતિ સર્જાય છે." આ સમગ્ર હોબાળા અંગે ભાજપ કાઉન્સિલર શૈલેન્દ્રસિંહ ઠાકોરે ખુલાસો કરતા જણાવ્યું હતું કે, સંબંધિત પાણીની ટાંકી ખાતે જરૂરી પાણીનું સ્તર જળવાતું ન હોવાને કારણે હાલ આ તકનીકી સમસ્યા સર્જાઈ છે. તેમણે સ્થાનિક રહીશોને સાંત્વના આપતા હાલની પરિસ્થિતિમાં તાત્કાલિક ધોરણે પાણીના ટેન્કરો મોકલીને પાણી પુરવઠો પૂરો પાડવાની ખાતરી આપી હતી. જોકે, રહીશોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો ટૂંક સમયમાં પાણી અને ગટરની સમસ્યાનો કાયમી ધોરણે ઉકેલ લાવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં પાલિકા કચેરી ખાતે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

ચૂંટણી સમયે નેતાઓ આવે છે

"ચૂંટણી આવે ત્યારે નેતાઓ હાથ જોડીને મતો માંગવા મહોલ્લામાં આવી જાય છે અને મોટા મોટા વાયદા કરે છે. પણ ચૂંટણી પત્યા પછી રહીશો તરસ્યા મરે તોય કોઈ જોવા નથી આવતું. આજે મજબૂર થઈને અમારે કાઉન્સિલરના ઘરે આવવું પડ્યું છે. જો બે દિવસમાં સમસ્યા નહીં ઉકેલાય તો આખો મહોલ્લો પાલિકા કચેરીએ જઈને ધરણા કરશે."

રમેશભાઈ માળી, (સ્થાનિક રહીશ)

રહીશોની રજૂઆત યોગ્ય છે

"પાણીની ટાંકી ખાતે પાછળથી જ જરૂરી વોટર લેવલ જળવાતું ન હોવાથી આ તકનીકી સમસ્યા સર્જાઈ છે. રહીશોની રજૂઆત યોગ્ય છે અને તેમની તકલીફ હું સમજુ છું. હાલ પુરતી વિસ્તારમાં પીવાના પાણીના ટેન્કરોની વ્યવસ્થા કરી દેવામાં આવી છે અને પાલિકાના હાઇડ્રોલિક વિભાગ સાથે વાત કરીને લાઇનનો પ્રશ્ન પણ કાયમી ધોરણે ઉકેલી દેવાશે."

શૈલેન્દ્રસિંહ ઠાકોર, (ભાજપ કાઉન્સિલર, વોર્ડ નં. ૧૩)

પાણી માટે કાયમ ઝઘડા થાય છે

"છેલ્લા બે દિવસથી અમારા ઘરમાં પીવાના પાણીનું એક ટીપું પણ આવ્યું નથી. નાના બાળકોને શાળાએ મોકલવા કે ઘરકામ કરવું કઈ રીતે? દર વખતે રજૂઆત કરીએ એટલે ટેન્કર મોકલી દે છે, પણ ટેન્કરમાંથી પાણી ભરવા માટે મહોલ્લામાં ઝઘડા થાય છે. અમારે ટેન્કરનું પાણી નથી જોઈતું, અમારે નળમાં કાયમી પાણી જોઈએ છે."

સરોજબેન રાણા, (રહીશ, કંસારાવાડી)

ઘરમાં રહેવુ મુશ્કેલ બની ગયું

"એક તરફ પીવાનું ચોખ્ખું પાણી નથી મળતું અને બીજી તરફ શેરીઓમાં ગટરના ગંદા પાણી ઉભરાઈ રહ્યા છે. આખા વિસ્તારમાં એવી દુર્ગંધ મારે છે કે ઘરમાં રહેવું મુશ્કેલ બની ગયું છે. ગંદકીના કારણે ઘરમાં બાળકો બીમાર પડી રહ્યા છે. જો પાલિકા આનો ઉકેલ નહીં લાવે તો અમે વોર્ડ કચેરીના તાળાબંધી કરતાં પણ અચકાશુ નહીં"

ગીતાબેન પરમાર, (સ્થાનિક રહીશ,માળી મહોલ્લો)

તમારા વિસ્તારના કોઈ પ્રશ્નો કે સમસ્યાનું નિરાકરણ ન આવતું હોય તો ગુજરાતમિત્રને 97254 35971 પર જણાવો, અમે સંબંધિત તંત્રનું ધ્યાન દોરી નિરાકરણ લાવીશું.

મહારાજા મનમોહન ગણપતિની ભવ્ય આગમન યાત્રા દરમિયાન બબાલ

વડોદરામાં ફરી શ્રીજીની આગમન યાત્રામાં મારામારી, વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વડોદરામાં ગણેશોત્સવને લઈને ઠેર-ઠેર ભવ્ય આગમન યાત્રાઓ નીકળી રહી છે, ત્યારે વધુ એક આગમન યાત્રામાં મારામારીની ઘટના સામે આવતા ચર્ચા જાગી છે. યુવકો વચ્ચે થયેલી મારામારીની ઘટના હાજર અન્ય લોકો દ્વારા પોતાના મોબાઈલમાં કેદ કરી લીધી હતી જેનો વિડીયો આજે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. શહેરના જાણીતા મહારાજા મનમોહન ગણપતિની ભવ્ય આગમન યાત્રા દરમિયાન અચાનક મારામારીની ઘટના બની હતી. પ્રાપ્ત માહિતી મુજબ, આગમન યાત્રા શાંતિપૂર્ણ રીતે નીકળી રહી હતી તે દરમિયાન અચાનક બબાલનો માહોલ સર્જાયો હતો. બે જૂથો વચ્ચે કોઈ કારણોસર ઝઘડો થતા મામલો મારામારી સુધી પહોંચ્યો હતો. ઘટનાને પગલે આગમન યાત્રામાં સ્થળ પર અફરાતફરી જોવા મળી હતી. ભક્તોમાં નાસભાગ મચી ગઈ હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે અને ચર્ચાનો વિષય બન્યો છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ વડોદરામાં અલગ-અલગ ગણપતિ આગમન યાત્રાઓ દરમિયાન મારામારીની ઘટનાઓ સામે આવી ચૂકી છે. ત્યારે પોલીસ દ્વારા ભીડ નિયંત્રણ અને સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવાની માંગ ઉઠી છે.

વડોદરા સહિત રાજ્યભરના લાખો વાલીઓને મોટી રાહત

હવે બાળકના જન્મ દાખલામાં મિડલ નેમમાં પિતાનું નામ ફરજિયાત નહીં

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

ગત વર્ષે રાજ્ય સરકાર દ્વારા દસ્તાવેજોમાં એકસૂત્રતા લાવવાના હેતુથી જન્મના પ્રમાણપત્રમાં નામ પાછળ પિતાનું નામ ઉમેરવાનો નિયમ અમલી બનાવવામાં આવ્યો હતો. જે હવે રદ કરાયો છે. તે સમયે સરકારનો મુખ્ય આશય જન્મના દાખલામાં દરેક વ્યક્તિ અલગ-અલગ રીતે નામ અને અટક લખાવતી હોવાથી એક સરખું ફોર્મેટ બનાવવાનો, શોર્ટ નામો પર રોક લગાવવાનો, રેકોર્ડ મેચિંગ પ્રક્રિયા ઝડપી બનાવવાનો તેમજ શાળાઓમાં આધાર આઈડી અને સરકારી આઈડી કાર્ડના રેટા લિંકિંગ વખતે થતી ભૂલો અટકાવવાનો હતો.આ નિયમ અમલમાં આવ્યા બાદ વડોદરા મહાનગરપાલિકા તેમજ અમદાવાદ મનપા સહિત રાજ્યભરની સબ રજિસ્ટ્રાર અને જન્મ-મરણ નોંધણી શાખાઓમાં જટિલ સમસ્યાઓ સર્જાઈ હતી. એક જ વર્ષના ટૂંકા ગાળામાં ફક્ત મનપા વિસ્તારમાં જ અંદાજે ૧.૫ લાખથી વધુ વાલીઓએ નામમાં સુધારો કરવા માટે મનપાની કચેરીઓના ધક્કા ખાવા પડ્યા હતા. દર મહિને ૧૦ હજારથી પણ વધુ અરજીઓ આવતા કચેરીઓમાં લોકોની લાંબી કતારો લાગતી હતી. ખાસ કરીને જે કિસ્સાઓમાં બાળકની કસ્ટડી માતા પાસે હોય અથવા પિતા સાથે કોઈ કાનૂની વિવાદ ચાલી રહ્યો હોય, ત્યાં નામના રજિસ્ટ્રેશનને લઈને ગંભીર કાનૂની મુશ્કેલીઓ ઊભી થઈ રહી હતી.

ઉપરાંત અલગ-અલગ કચેરીઓમાં અધિકારીઓ દ્વારા આ નિયમોનું અલગ-અલગ અર્થઘટન કરવામાં આવતું હોવાથી વાલીઓ ભારે મૂંઝવણ અનુભવતા હતા. હવે સરકાર દ્વારા આ નિયમ પરત ખેંચી લેવાતા નવી વ્યવસ્થા મુજબ, નવું આધાર કાર્ડ બનાવતી વખતે જન્મના દાખલામાં પિતાનું નામ મિડલ નેમ તરીકે ન હોય તો પણ પ્રક્રિયા અટકશે નહીં અને કોઈ અડચણ આવશે નહીં. જન્મ-મરણ નોંધણી શાખાના અધિકારી હસમુખ પટેલના જણાવ્યા અનુસાર "સરકારના નવા આદેશ મુજબ હવે બાળકના પોતાના નામની સાથે જ મિડલ નેમ તરીકે પિતાનું નામ ઉમેરવું ફરજિયાત નથી. જોકે, દસ્તાવેજી સ્પષ્ટતા અને કાનૂની ઓળખ માટે જન્મના દાખલામાં નીચે આપેલા અલગ ખાનામાં પિતાની કોલમમાં પિતાનું નામ લખવું જરૂરી રહેશે, તેમજ માતાની કોલમમાં માતાનું નામ લખવું અત્યંત ફરજિયાત છે. આ ફેરફારથી વાલીઓને નામ ફોર્મેટમાં મોટી સુગમતા મળશે અને આધાર આઈડી બનાવતી વખતે કે કચેરીઓમાં કોઈ અડચણ ઊભી થશે નહીં."

MSU ફરી શર્મસાર : નક્કર કાર્યવાહી કરવા માગ કરાઇ

આર્ટ્સ ફેકલ્ટીના ક્લાસરૂમમાંથી એક જ દિવસમાં બે અશ્લીલ વીડિયો વાયરલ થતાં હડકંપ મચ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ફરી એકવાર શરમજનક વિવાદના વંટોળમાં સપડાઈ છે. આર્ટ્સ ફેકલ્ટીના એક જ ખાલી વર્ગખંડમાંથી એક જ દિવસમાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીના અશ્લીલ ચેનચાળાના બે અલગ-અલગ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા કેમ્પસમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ, આર્ટ્સ ફેકલ્ટીના એક વર્ગખંડમાં લેક્ચર ન હોય ત્યારે વિદ્યાર્થી અને વિદ્યાર્થિની એકલા બેઠા હતા. આ દરમિયાન બંને અશ્લીલ હરકતો અને કિસ કરતા નજરે પડ્યા હતા. આ સમગ્ર ઘટના ક્લાસરૂમમાં જ પાછળ બેઠેલા કોઈ શખ્સે પોતાના મોબાઈલ ફોનમાં છૂપી રીતે રેકોર્ડ કરી લીધી હતી અને બાદમાં તેને સોશિયલ મીડિયા પર વહેતી કરી દીધી હતી. એક વીડિયો વાયરલ થયો, તેની ચર્ચા શમે તે પહેલાં જ એ જ ક્લાસરૂમમાંથી એ જ દિવસનો બીજો વીડિયો પણ સામે આવતા વિવાદ વધુ વકર્યો છે. બીજા વીડિયોમાં પણ અન્ય વિદ્યાર્થી-વિદ્યાર્થિની ખાલી ક્લાસરૂમમાં અશ્લીલ હરકત કરતા દેખાઈ રહ્યા છે. એક પછી એક બે વીડિયો વાયરલ થતાં યુનિવર્સિટીની સિક્યુરિટી, ક્લાસરૂમ મોનિટરિંગ અને પ્રશાસનની લાપરવાહી સામે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે. ઉલ્લેખનીય છે કે આ પહેલી ઘટના નથી. ગત વર્ષે ઓક્ટોબર માસમાં પણ આર્ટ્સ ફેકલ્ટીમાંથી જ આવી જ એક ઘટનાનો વીડિયો સામે આવ્યો હતો, જેને લઈને યુનિવર્સિટી તંત્રએ ખુલાસા માંગ્યા હતા. તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.



તપાસ સમિતિની રચના થશે

વીડિયોને લઈ એક ઈન્ક્વાયરી કમિટી બેસાડવામાં આવશે. જેમાં તમામ પાસા ચકાસવામાં આવશે. આ વીડિયો આજનો છે કે જૂનો છે, તેની તપાસ કરવામાં આવશે. જેના આધાર પર સિક્યુરિટીને પણ બોલાવીને પૂછપરછ કરવામાં આવશે. છાત્રોને પણ ચકાસવામાં આવશે કે તેઓ યુનિવર્સિટીના જ છે કે બહારના છે. બાદમાં ફેકલ્ટી લેવલ પર અને યુનિવર્સિટી લેવલે ડિસિઝન લેવાશે અને ત્યાંથી જે નિર્ણય લેવાશે તે અંતિમ રહેશે. આ અમારા વિદ્યાર્થીઓ છે કે નહીં તે તમામ ચકાસ્યા બાદ જ ફાઈનલ નિર્ણય લઈ શકાશે. જો છાત્રો ફેકલ્ટીના જ હશે તો તેમને અને તેમના વાલીઓને પણ બોલાવવામાં આવશે અને રસ્ટીકેટ કરવા સુધીની કાર્યવાહી કરાશે. તપાસ કમિટીના રિપોર્ટ બાદ જ યુનિવર્સિટી નક્કી કરશે કે અંતિમ નિર્ણય શું લેવો. **કલ્પના ગવલી,** ફેકલ્ટી ડીન

જિંદાલ સુપ્રીમનો IPO 16 સપ્ટેમ્બરે ખુલશે

વડોદરાઃ પાંચ દાયકાથી વધુ સમયથી પાઈપ, ટ્યુબ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતી જિંદાલ સુપ્રીમ (ઈન્ડિયા) લિમિટેડનો IPO બુધવાર, 16 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે. કંપનીનો કુલ ઈશ્યુ 124.88 કરોડનો છે અને તે 18 સપ્ટેમ્બરે બંધ થશે. IPOમાં 10ની ફેસ વેલ્યુના કુલ 1,34,28,000 ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. તેમાં 1,07,41,149 શેરનો ફ્રેશ ઈશ્યુ અને 26,86,851 શેરની ઓફર ફોર સેલ સામેલ છે. પ્રાઈસ બેન્ડ 88થી 93 પ્રતિ શેર નક્કી કરવામાં આવ્યો છે, જ્યારે લોટ સાઈઝ 161 શેરની છે. ઉપરના પ્રાઈસ બેન્ડ મુજબ ફ્રેશ ઈશ્યુમાંથી 99.89 કરોડ અને OFSમાંથી 24.99 કરોડ એકત્ર થશે. IPOની ચોખ્ખી આવકનો ઉપયોગ ચોક્કસ બાકી ઉધારની ચુકવણી અથવા પૂર્વ-ચુકવણી તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરાશે. એન્કર બિડિંગ 15 સપ્ટેમ્બરે યોજાશે. કંપનીના શેર BSE અને NSE પર લિસ્ટ થવાના છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અભિષેક જિંદાલે જણાવ્યું કે IPO કંપની માટે નવા તબક્કાની શરૂઆત છે.

પત્નીએ ઠપકો આપતા પતિએ જીવન ટૂંકાવ્યું

વડોદરા :વડોદરા તાલુકાના સમીયાલા ગામમાં રહેતા જતીન પુનમભાઈ પરમાર (ઉં.વ.35) કોઈ કામધંધો કરતા ન હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતે તેમની પત્ની જયશ્રીબેને તેમને કામધંધો કરવા માટે ઠપકો આપ્યો હતો. પત્નીના ઠપકાની વાત જતીનને મનમાં લાગી આવ્યુ હતુ અને ફીનાઈલ ગટગટાવી જીવન ટૂંકાવી લીધું હતું તાલુકા પોલીસે ક્લાસને પીએમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. દરમિયાન બનાવના દિવસે રાત્રે આશરે 10:45 વાગ્યાના અરસામાં જતીને પોતાના ઘરે ફિનાઈલ પી લીધું હતું. ઝેરી પ્રવાહી પી લીધા બાદ તેની તબિયત લથડતાં પરિવારજનો દ્વારા તાત્કાલિક તેને સારવાર માટે વડોદરાની ગોત્રી જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં સારવાર દરમિયાન ફરજ પરના તબીબે જતીનને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે તેના પરિવારજનો દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા વડોદરા તાલુકા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વીજ થાંભલા સુધી જ્વાળાઓ પ્રસરી

ગોત્રી રોડ પર કચરાના ઢગલામાં ભીષણ આગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વડોદરા શહેરના પોશ વિસ્તાર ગણાતા ગોત્રી રોડ પર આજે વહેલી સવારે કચરાના ઢગલામાં ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. જેથી આગના કારણે નીકળેલા ધુમાડાના ગોટેગોટાથી વાહનચાલકોમાં અફરાતફરી મચી હતી. મુખ્ય માર્ગને અડીને પડેલા કચરાના ઢગલામાં અચાનક આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આગની જ્વાળાઓ સાથે ધુમાડાના ગોટેગોટા આખા રોડ પર પ્રસરી ગયા હતા. આગ એટલી ભયાનક હતી કે તેની લપેટ નજીકમાં આવેલા વીજળીના થાંભલા સુધી પહોંચી ગઈ હતી. આ ઘટનાને પગલે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોમાં ક્ષણભર માટે અફરાતફરી મચી ગઈ હતી. જોકે, સદનસીબે આ ઘટના વહેલી સવારે બની હોવાથી રસ્તા પર ટ્રાફિક ઓછો હતો, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. આ અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયરની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. રસ્તા કિનારે કચરાના ઢગલા કોણે અને શા માટે સળગાવ્યા તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

દુર્ગંધથી સ્થાનિકો અને પ્રવાસીઓ ત્રાહિમામ

સુરસાગરમાં હજારો માછલીઓના મોતથી ચકચાર,કરોડોનો ખર્ચ બેકાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

સુરસાગર તળાવ ખાતેથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. છેલ્લા બે દિવસથી સુરસાગર તળાવમાં અચાનક હજારોની સંખ્યામાં જળચર જીવો તથા માછલીઓના મોત નીપજતા સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી જવા પામી છે. મૃત માછલીઓના કારણે તળાવ અને આસપાસના વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ રહી છે, જેના કારણે સ્થાનિક રહીશો, વેપારીઓ તેમજ તળાવની મુલાકાતે આવતા પ્રવાસીઓ ભારે મુશ્કેલી અને પરેશાનીનો સામનો કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે સુરસાગર તળાવના મધ્યમાં ભગવાન શિવજીની ૧૧૧ ફૂટ ઊંચી સોનાથી મઢેલી ભવ્ય પ્રતિમા આવેલી છે, જે વડોદરા શહેરની આગવી ઓળખ અને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. પરંતુ વર્તમાન સ્થિતિ જોતાં આ જ વિરાસત સમાન તળાવ હવે જળચર જીવો માટે ખતરારૂપ સાબિત થઈ રહ્યું હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર છેલ્લા ઘણા સમયથી તળાવમાં અવારનવાર માછલીઓ મરવાનો સિલસિલો યથાવત રહ્યો છે. આ સમગ્ર મામલે તંત્ર અને મહાનગરપાલિકાની નિષ્ક્રિયતા સામે ભારે વિરોધ અને સવાલો ઉભા થયા છે. અંદાજે નવ વર્ષ અગાઉ રૂ. ૩૮ કરોડના મસમોટા ખર્ચે સુરસાગર તળાવનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, તળાવના પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ જાળવી રાખવા તથા એર સર્ક્યુલેશન માટે આશરે એક વર્ષ અગાઉ રૂ. ૧૦ લાખના ખર્ચે ખાસ મશીનરી પણ લગાવવામાં આવી હતી. આમ છતાં, તળાવનું પાણી લીલવાળું અને પ્રદૂષિત કેમ બની રહ્યું છે તથા આટલી મોટી સંખ્યામાં માછલીઓના મોત કેમ થઈ રહ્યા છે, તે અંગે પાલિકાના ઈજનેરો કે તંત્ર કારણ શોધવામાં સંપૂર્ણ નિષ્ફળ નીવડ્યા છે. આ ઘટનાને પગલે સ્થાનિક નગરસેવક તીર્થ બ્રહ્મભટ્ટે પાલિકા તંત્રને લેખિત પત્ર પાઠવીને માછલીઓના મોત પાછળનું સાચું કારણ શોધવા માટે તાત્કાલિક તટસ્થ તપાસ કરવાની કડક માંગ કરી છે.

વોટ્સએપ ગ્રુપમાં ગાળો અને અશ્લીલ ફોટા મૂકતા ચકચાર

ગ્રામ રક્ષક દળની મહિલા કર્મી-પુત્રીની બદનામી કરાઈ!

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

ગણપતિ આગમનના બંદોબસ્ત વચ્ચે વોટ્સએપ ગ્રુપમાં મહિલા પોલીસ કર્મી અને તેની પુત્રીને ટાર્ગેટ કરી ગંદા અને અપમાનજનક મેસેજ તથા અશ્લીલ ફોટા મોકલવાનો મુકવામા આવ્યા હતા. ગ્રામ રક્ષક દળમાં ફરજ બજાવતી તેમજ સિવિલ ડિફેન્સ અને એફઓપી. તરીકે સેવા આપતી 45 વર્ષીય મહિલાએ ગોત્રીના ડિમ્પેશ અગ્રવાલ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીને પકડવા સાથે મોબાઈલ ડેટા કઢાવવાની તજવીજ હાથ ધરી છે. અગાઉ મહિલા કર્મી ટ્રાફિક શાખામાં સિવિલ ડિફેન્સ તરીકે ફરજ બજાવતી હોવાથી ગોત્રીના વુડાના મકાનમાં રહેતા ડિમ્પેશ અગ્રવાલને ઓળખતી હતી. તા.5 સપ્ટેમ્બરની રાત્રે ગણપતિ આગમનના પોલીસ બંદોબસ્તમાં મહિલા ફરજ પર હતી ત્યારે સાથી કર્મીએ તેમને જણાવ્યું હતું કે, ડિમ્પેશ અગ્રવાલે વોટ્સએપ ગ્રુપમાં તેમના વિશે ગંદા અને ખરાબ શબ્દોમાં મેસેજ કર્યા છે. મહિલાએ સાથીના મોબાઈલમાં ગ્રુપના મેસેજ તપાસતાં પોતાના નામે બીભત્સ અને અપમાનજનક શબ્દો લખાયેલા હોવાનું જોયું હતું. એટલું જ નહીં, તેમની પુત્રીને પણ બદનામ કરવાના ઈરાદે અપમાનજનક મેસેજ કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો છે. ગ્રુપમાં અશ્લીલ ફોટા મોકલવામાં આવ્યા હોવાનું તેમજ અગાઉ પણ આવા પ્રકારના મેસેજ શેર કરાયા હોવાની મહિલાએ ડિમ્પેશ અગ્રવાલ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસે ફરિયાદના આધારે વોટ્સએપ ગ્રુપ, મેસેજ અને તેમાં શેર થયેલી સામગ્રી અંગે તપાસ શરૂ કરવા સાથે આરોપીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

અંકલેશ્વરની યુવતી માતા-પિતાના ઝઘડાથી વાજ આવી ગઇ હતી

આત્મહત્યા કરવા આવેલી યુવતીને અભયમે આપ્યો જીવનનો સહારો

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

રાત્રિના અંધકારમાં વિશ્વામિત્રી રેલવે સ્ટેશન નજીક એકલી બેઠેલી 25 વર્ષીય યુવતીના મનમાં ચાલી રહેલા આત્મહત્યાના વિચારોને અભયમની ટીમે સમયસર કાઉન્સેલિંગ કરી દૂર કર્યા હતા. યુવતીને શંકાસ્પદ હાલતમાં એકલી બેઠેલી જોઈ સ્થાનિકોએ પૂછપરછ કરતાં તેણે આત્મહત્યા કરવા આવી હોવાનું જણાવતાં તાત્કાલિક અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. અભયમની ટીમ સ્થળ પર પહોંચી ત્યારે યુવતી વિશ્વામિત્રી રેલવે સ્ટેશન નજીકની એક સોસાયટી બહાર બેઠેલી મળી આવી હતી. કાઉન્સેલિંગ દરમિયાન યુવતી અંકલેશ્વરની રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. યુવતીના જણાવ્યા મુજબ, તે તેના પિતા સાથે કામ અર્થે સુરત ગઈ હતી. ઘરે પરત આવ્યા બાદ માતા-પિતા વચ્ચે અવારનવાર થતા ઝઘડાથી તે માનસિક રીતે પરેશાન હતી. પિતા અપશબ્દો બોલી તેને ઘરેથી નીકળી જવા કહેતા હોવાનો પણ યુવતીએ આક્ષેપ કર્યો હતો. પરિવારના સતત ઝઘડાથી કંટાળેલી યુવતીએ માતા પાસેથી રૂ.200 લીધા અને ટ્રેનમાં બેસીને વડોદરા આવી પહોંચી હતી. રાત્રે આશરે 12 વાગ્યે સોસાયટી બહાર એકલી બેઠેલી યુવતીને સ્થાનિકોએ પૂછતાં તેણે આત્મહત્યા કરવા આવી હોવાનું જણાવ્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન યુવતી ડિપ્રેશનની દવા લેતી હોવાનું તેમજ દવા લેવા માટે સુરત ગઈ હોવાનું બહાર આવ્યું હતું. યુવતીએ હોમ સાયન્સનો કોર્સ પણ કર્યો હોવાનું જણાવ્યું હતું. અભયમની ટીમે યુવતીને હિંમત આપી આત્મહત્યાના વિચારો છોડી જીવનમાં આગળ વધવા સમજાવી હતી. ટીમે યુવતીના પિતાનો સંપર્ક કરતાં તેમણે ઉગ્ર પ્રતિક્રિયા આપી તમે દીકરીને જેલમાં બેસાડી દો કહી ફોન કાપી નાખ્યો હતો. બાદમાં મોટી બહેનનો સંપર્ક કરતાં તેઓ પંજાબમાં હોવાનું જાણવા મળ્યું હતું. બહેને યુવતીને પોતાની સાથે લઈ જવાની ખાતરી આપી હતી. રાત્રિનો સમય હોવાથી યુવતીને સુરક્ષિત આશ્રય માટે સખી વન સ્ટોપ સેન્ટરમાં રાખવામાં આવી હતી.

CALL 181
મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન